**આશ્રમશાળા અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં ફરજ બજાવતા કર્મચારીઓની ફિક્સ પગારની નોકરી સેવા વિષયક લાભો માટે સળંગ ગણવા બાબત.**

**ગુજરાત સરકાર**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

**ઠરાવ ક્રમાંક: SJED/ASC/e-file/17/2023/1114/K**,

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૬/૦૫/૨૦૨૫

**વંચાણે લીધા:**

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૧/૦૬/૧૯૯૮ના ઠરાવ ક્રમાંક: પીઆરઇ-૧૦૯૬-૩૦૫૦-૧૦૨૭(૯૮)-ક

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૮/૦૬/૧૯૯૯ના ઠરાવ ક્રમાંક: ખપશ-૧૦૯૯-૫૪૯

(૩) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભગાનો તા.૦૭/૧૧/૨૦૦૦નો ઠરાવ ક્રમાંક: અસમ/૧૦૯૯/૨૩૨૮/અ-૧

(૪) નાણાં વિભાગનો તા.૧૬/૦૨/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/ઝ.૧

(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૧/૦૩/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: અસમ-૧૦૨૦૦૫-૨૧૧૯-અ-૧

(૬) નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)નો તા.૨૩/૦૭/૨૦૨૪નો પત્ર ક્રમાંક: અજાક/ગ/આ.શા/૨૦૨૪/૪૧૧૭-૧૮

(૭) નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ)નો તા.૧૭/૦૮/૨૦૨૪નો પત્ર ક્રમાંક: વિજાક/અમશ/ફીક્સ પગાર/૨૦૨૪-૨૫/૨૦૨

**પ્રસ્તાવના:**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના નિયંત્રણ હસ્તકની નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ) આશ્રમશાળામાં વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને (૪) તથા નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ) હસ્તકની આશ્રમશાળા અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં વંચાણે લીધેલ ક્રમાંક (૨), (૩) અને (૫)ના ઠરાવથી નિયત થયેલ વિદ્યાસહાયકોની યોજના મુજબ ભરતી કરવામાં આવેલ. આ યોજના હેઠળ નિમણૂંક મેળવેલ વિદ્યાસહાયકોને માસિક ઉચ્ચક ફિક્સ પગાર વખતો વખત સુધાર્યા મુજબ

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 06-May-2025 (05:20 PM)

Scanned with OKEN Scanner

આપવામાં આવે છે. યોજના અન્વયે ફિક્સ પગારનો નિયત સમયગાળો પૂર્ણ કરે ત્યારે નિમણૂંક અંગેની તમામ શરતો સંતોષતી હોય તેવા વિદ્યાસહાયકોને નિયમિત પગારધોરણમાં સમાવવામાં આવે છે. આવી રીતે સમાવવામાં આવતા વિદ્યાસહાયકોની ફિક્સ પગારની નોકરીનો સમયગાળો કોઈપણ સેવાવિષયક હેતુ માટે ધ્યાનમાં લેવામાં આવતો નથી.

વંચાણે લીધેલ ક્રમાંક (૬) પરના નિયામકશ્રી(અનુસૂચિત જાતિ કલ્યાણ)ના તા.૨૩/૦૭/૨૦૨૪ અને વંચાણે લીધેલ ક્રમાંક (૭) પરના નિયામકશ્રી(વિકસતી જાતિ કલ્યાણ)નો તા.૧૭/૦૮/૨૦૨૪ના પત્રોથી આશ્રમશાળા અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં ફરજ બજાવતા કર્મચારીઓની ફિક્સ પગારની નોકરી સેવા વિષયક લાભો માટે સળંગ ગણવા દરખાસ્ત કરવામાં આવેલ. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

## ઠરાવ:

પુખ્ત વિચારણાના અંતે, વંચાણે લીધેલ ક્રમાંક (૧) અને (૫) સામેના ઠરાવોની જોગવાઈઓ અને શરતો હેઠળ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હસ્તકની આશ્રમશાળા અને ઉત્તર બુનિયાદી આશ્રમશાળામાં નિમણૂંક પામેલ વિદ્યાસહાયકોની ફિક્સ પગારના સમયગાળાની સેવાઓને બઢતી, પ્રવરતા, ઉચ્ચત્તર પગારધોરણ અને નિવૃત્તિ સમયે નિવૃત્તિ વિષયક મળવાપાત્ર લાભો માટે નીચેની શરતોને આધિન રહીને સેવા વિષયક લાભો માટે સળંગ ગણવા ધ્યાને લેવાનું ઠરાવવામાં આવે છે.

(૧) આવી ફિક્સ પગારની નોકરીનો સમયગાળો બઢતી, પ્રવરતા, ઉચ્ચત્તર પગાર ધોરણ અને નિવૃત્તિ સમયે મળવાપાત્ર નિવૃત્તિ વિષયક લાભોની ગણતરી માટે જ ધ્યાને લેવામાં આવશે.

(૨) આ ફિક્સ પગારની સેવા ધ્યાને લેવાને કારણે પગારબાંધણી થતાં નક્કી થતાં પગારનો ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખ સુધીના સંપૂર્ણ સમયગાળા સુધીનો કોઈપણ તફાવત (એરિયર્સ) રોકડમાં કે અન્ય કોઈપણ રીતે ચૂકવવાપાત્ર થશે નહીં. અર્થાત ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખ સુધીના સમયગાળા માટે આ ગણતરી માત્ર નોશનલ કરવાની રહેશે તેમજ આ સમયગાળાનું કોઈ એરિયર્સ મળવાપાત્ર થશે નહીં.

(૩) આ ફિક્સ પગારની સેવાના સમયગાળા માટે કોઈપણ પ્રકારના ઈજાફા ગણતરીમાં, નોશનલના હેતુ માટે પણ, ધ્યાને લેવાના રહેશે નહીં.

(૪) જે કર્મચારીઓને હાલની તારીખે જુની પેન્શન યોજના લાગુ પડે છે તેઓને જુની પેન્શન યોજના લાગુ પડશે. જે કર્મચારીઓ નવી પેન્શન યોજનામાં જોડાયેલ છે તેઓને નવી પેન્શન યોજના જ લાગુ પડશે. અર્થાત ફિક્સ પગારની નોકરીનો સમયગાળો ધ્યાને લેવાના કારણે તેઓને હાલમાં લાગુ પડેલ પેન્શન યોજનામાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહી.

(૫) આ ઠરાવ અન્વયે ચૂકવવા પાત્ર લાભ ઠરાવ પ્રસિધ્ધ થયા તારીખથી મળવાપાત્ર થશે.

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 06-May-2025 (05:20 PM)

Scanned with OKEN Scanner

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સરકારશ્રીની તા.૦૫/૦૫/૨૦૨૫ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: VASAVA DHARMISHTHABEN D
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 06-May-2025 (05:20 PM)

(ધર્મિષ્ઠા વસાવા)

ઉપસચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજ ભવન , ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રી મુખ્ય અગ્ર સચિવશ્રી, માન.મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રીના રહસ્યશ્રી સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૫

Scanned with OKEN Scanner